सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૩ ડિસેમ્બર - ૨૦૦૩ અંક ૩

**વાલીઓને.....**

**ગુજરાતનાં વિદ્યાર્થીઓને વૈશ્વિક પ્રવાહોમાં જોડાવાનો ધોરીમાર્ગ**

તાજેતરમાં સરકારશ્રીએ ઉદાર અભિગમ અપનાવીને શ્રેણી ૧ થી ૭ માં અંગ્રેજી, ગુજરાતીની સાથે સાથે આપવાનો અભિગમ અપનાવ્યો છે.આ એક ઘણી સારી બાબત છે અને આજે જેઓ ગુજરાતી માધ્યમ જ રાખીને અંગ્રેજી સારું કરવા માંગતા હોય તેમની જરૂરીયાત અવશ્ય સંતોષે તેવો આ અભિગમ છે.

આ સંદર્ભમાં હું જણાવું કે શ્રેણી ૫ થી અંગ્રેજી શીખવવા માટે જ્યારે પ્રતિબંધ મુકાયો ત્યારે તેની સામે ઘણો મોટો ઉહાપોહ થયેલો અને પછી દબાણ નીચે શ્રેણી પાંચથી અંગ્રેજી શીખવવાની છૂટ આપવામાં આવી પરંતુ આ બાબતમાં ન સમજી શકાય તેવી વિસંવાદિતા પણ દાખલ કરવામાં આવી, જે વિદ્યાર્થીઓ માત્ર ૮માં ધોરણથી અંગ્રેજી શરૂ કરે તેમાં જે અભ્યાસક્રમો હોય તે જ અભ્યાસક્રમ અંગ્રેજી ધો.૫ થી લઈને ધો.૮માં આવેલાં વિદ્યાર્થીઓ માટે સમાન રાખવાનું નક્કી થયું. આની પાછળનો કોઈ તર્ક જણાતો નથી પરંતુ શ્રેણી પાંચથી અંગ્રેજી આપવાના ઉહાપોહને શાંત કરવાનો એક વાંઝીયો પ્રયત્ન માત્ર જણાય છે કેમકે શ્રેણી ૫,૬,૭ માં અંગ્રેજીનો અભ્યાસક્રમ ઉચ્ચકક્ષાએ કરી શકે તે વસ્તુ જ આ ક્રમમાં નાબુદ થઈ જાય છે.આમ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીનું ધોરણ નબળું રહે તે સ્વાભાવિક વસ્તુ છે. આથી ગુજરાતનાં વિદ્યાર્થીઓને અખિલ ભારતીય ધોરણે હરીફાઈમાં ઉણા ઉતરવું પડયું છે. આ વસ્તુ નજરમાં રાખીને સરકારશ્રીએ તાજેતરમાં આગામી વર્ષમાં ગંગા-જમના યોજના અમલમાં મૂકવા માંગે છે તેવું જણાવેલું છે.આવું ઉદાર વલણ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ફાયદાકારક થશે તેમાં શંકા નથી. સરકારશ્રીનાં ધ્યાનમાં તે વસ્તુ અવશ્ય છે કે આને માટે પૂરતાં અને સક્ષમ શિક્ષકો આજે નથી પરંતુ આ બાબતમાં પણ ઉદાર અભિગમ આપનાવીને નિવૃત્ત શિક્ષકો , વરિષ્ઠ નાગરિકો વગેરેને પણ આમાં જોતરીને આ યોજના અમલમાં મૂકવાનું વિચાર્યુ છે. તે ઘણી જ સ્વીકારવા જેવી બાબત છે.

આ સંદર્ભમાં ધોરણ ૧ થી ૭ના વાલીઓને પરિપત્ર મોકલીને આ યોજના વિશે મેં જણાવ્યું હતું અને મને જણાવતાં આનંદ થાય છે કે મોટા ભાગનાં વાલીઓને આ યોજના ખૂબ ગમી છે અને આ સંદર્ભમાં તેઓનો આનંદપ્રદ હકારાત્મક અભિગમ મને તેમનાં પ્રતિભાવમાં મળ્યો છે. ઘણા વાલીઓએ આ અંગે રચનાત્મક સૂચનો પણ કર્યા છે. એક આવકારદાયક પ્રવાહ ઉભો થઈ રહયો છે તેનો આનંદ થાય છે.

ગંગાજીએ તો શીવજીની ગંગામાં પાવક બનીને અમૃતરૂપે ભારતની ધરતીને સમૃધ્ધ કરી પરંતુ આ ગંગા-જમનાની ધારા નીચલા વર્ગના અધિકારીઓની લાલ પટ્ટીની અંદર બંધાઈને ન રહે તે જોવું રહયું. ઉચ્ચસ્થાને બેઠેલા પદાધિકારીઓનો અભિગમ ખૂબ જ હકારાત્મક જણાયો છે પરંતુ સારી બાબતોને ઠેસ વાગે તેવું અમલદારશાહીનાં વલણનો અનુભવ આ વસ્તુનો નિર્દેશ કરવાનું પણ યાદ કરાવે છે.

આપણે જરૂર ઈચ્છીએ કે ગુજરાતના વિદ્યાર્થીઓ માટે શિક્ષણનાં ક્ષેત્રમાં એક અત્યંત જરૂરી તેવું બળ તેમને આ યોજનાથી પ્રાપ્ત થશે અને સાથે સાથે અંગ્રેજી માધ્યમમાં બાળકને મૂકવાથી ઉભી થતી મુશ્કેલીઓ વાલીઓને પડે છે તેમનાં પ્રશ્નો પણ આ યોજના દ્વારા હલ થાય તે સ્વાભાવિક છે.

આ સંદર્ભમાં આપણે ત્યાં બાલમંદિરનાં ગુજરાતી ગીતોની સાથે સાથે બાળકો નર્સરી રાઈમ્સ પણ ગાતા થઈ જાય, પ્રાથમિક શાળાના બાળકો અંગ્રેજી બાળવાર્તાઓ સાંભળતા થઈ જાય. શ્રેણી ૫,૬,૭માં ગણિત અને વિજ્ઞાન સંપૂર્ણપણે અંગ્રેજીમાં ભણાવવાનું ન થાય તો પણ બધા ટેકનીકલ શબ્દોથી બાળક પરિચિત થઈ જાય તેમજ શ્રેણી ૮ થી કોઈ વિદ્યાર્થીને માત્ર અંગ્રેજી માધ્યમમાં દાખલ થવું હોય તો તેમ કરવું તેને સરળ બને તેવું આયોજન જો મુક્ત વાતાવરણ આપવામાં આવશે તો આપણે અવશ્ય તે પ્રમાણે કરીશું.

આ યોજના જ્યારે દાખલ થઈ રહી છે ત્યારે માત્ર એટલું જ પ્રાર્થીએ शांतानुकुल शिवश्च ते पंथानः

ના વંદન

સૌ વાલીઓને નીચેની બાબતો ખાસ ધ્યાનમાં લેવા જણાવવામાં આવે છે.

પરીક્ષાની તારીખો,શાળાના પ્રવેશ સંબંધી વિગત,ફોર્મ ભરવાની તારીખ જેવી બાબતો માટે ઘણા વાલીઓ સંસ્થામાં મૌખિક પૂછપરછ કરતા હોય છે અને જુદા જુદા કર્મચારીઓને આ અંગે પૂછતા હોયછે. આ ઉપરથી તેઓ જે તે વિગત સાચી માનીને ચાલે છે.અનધિકૃત વ્યક્તિએ આપેલી વિગતને કારણે ઘણી વાર વિસંવાદિતા ઉભી થાય છે.

આ અંગે ખાસ જણાવવાનું કે જે તે વિભાગના નોટિસબોર્ડ ઉપર તેમજ શાળાની મુખ્ય ઓફિસ ઉપર આવી વિગતોની નોટિસ મૂકવામાં આવશે. આ સિવાયની કોઈપણ બાબતને અધિકૃત ન ગણવી અને તે મુજબ સૌ વાલીઓએ તે વિગતો જ અધિકૃત ગણવી તેવું ખાસ જણાવવામાં આવે છે. અનધિકૃત વિગતો માટે સંસ્થા કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહિ તેની ખાસ નોંધ લેવી.

ના વંદન

## વાવીશું જ નહીં તો લણીશું ક્યાંથી ?

"અરે શ્રીધર ! આમ આવ તો, આ તારા હાથમાં શું છે ?"

"હજી તો હું આમ પૂછું છું ત્યાં તો શ્રીધરે જરા જોરથી બરાબર મૂઠી વાળી દીધી. આ શું છે ? મને જોવા તો દે..."

"બેન ! કંઈ નથી ... એ તો થોડા પૈસા છે, મમ્મીએ મને સ્ટોરમાંથી ચોપડી ખરીદવા આપ્યા છે."

'ચોપડી ખરીદવા ? અત્યારે ? ચોપડી તો વર્ષની શરૂઆતમાં ખરીદવાની હોય અત્યારે કઈ ચોપડી ખરીદવાની છે ?'

'એ તો વાર્તાની...'

પણ આપણા સ્ટોરમાં તો વાર્તાની ચોપડી કયાં મળે છે ? જરા મને જોવા તો દે કે કેટલા પૈસા છે ? મૂઠી ખોલ તો બેટા !

અને ના છૂટકે શ્રીધરે મૂઠી ખોલી, તો એમાં રૂપિયા તો હતાં જ પણ સાથે કેટલાક ફોટા પણ હતાં, કુસ્તીબાજોનાં અને એવા બીજા. અને રૂપિયા ય ખાસ્સા પંચાવન કે સાઈઠ જેટલા હતાં.

મને એક ઘેરો આઘાત લાગ્યો, 'આટલા નાનાં છોકરાંઓને માબાપ આટલા બધાં પૈસા શું કામ આપતાં હશે ? આપણા બાળકો ચારે બાજુ એવા ઘેરા પ્રદૂષણમાં જીવી રહયાં છે, ટી.વી.ની લોભામણી જાહેરખબરો, બીજા બાળકો સાથેની દેખાદેખી, આટલા નાનાં બાળકને શું ખરીદવું , કયાંથી ખરીદવું એવી તો સમજ હોય નહીં અને હાથમાં પૈસા આવે એટલે એને ખરીદી કરવાનું મન તો થાય જ. આખાય વર્ગમાં માત્ર પાંચ સાત બાળકનાં માબાપ, છોકરાનાં ઉછેર અને તેમનાં જીવનમાં નૈતિક મૂલ્યો કેળવવા માટે જાગૃત ન હોય એટલે એ વાવંટોળમાં બધાં જ બાળકો સપડાય, ગમે તે વસ્તુ ખરીદવા દોડે અને વળી કયારેક તો પાનમસાલા તરફ પણ વળે તો કહેવાય નહીં. સારા ફળ જોડે ખરાબ ફળ મૂકવાથી ખરાબ ફળ સુધરતું નથી, પણ સારૂં ફળ બગડે છે. એવી જ પરિસ્થિતિ આમાં બને છે. કોઈ નેતા કે કોઈ મહાપુરુષ કે ભગવાનનો ફોટો હોય તો તો સમજયાં, પણ આજકાલ આ ઉગતા નાદાન બાળકો ચલચિત્રોના હીરો કે આવા કુસ્તીબાજોને જ જો આમ તેમનાં જીવનનાં આદર્શ બનાવશે તો તેમનું જીવન ઘડતર કેવું ક થશે ? ભાવિ સમાજમાં મૂલ્યોના ઘડતરનું શું ? એમના ચારિત્ર્ય ઘડતર વીના શું એ કયાંય ગૌરવભેર ઊભા રહી શકશે ખરા ? બાળકનાં ઉજળા ભાવિ માટે મદાર બાંધીને બેઠેલા માબાપો માટે આ બહુ જ વિચારવા જેવો પ્રશ્ન છે. વાવ્યું જ નહીં હોય તો લણીશું કયાંથી ?

એવી જ પરિસ્થિતિ આજકાલ ટાઝો માટે થઈ છે. બાળક સાવ મામૂલી કિંમતનાં ટાઝો માટે, સાવ થોડી વેફર્સ ને બાકી બધી હવા ભરેલી લોભામણી ચીટોઝ લેવા માટે માબાપ પાસે પૈસા માગે છે. માબાપ ના કહે તો તે જીદ કરે છે, માબાપ કંટાળે છે ને આખરે પૈસા આપી છૂટે છે. જરા પણ પોષણ ન મળે એવો કચરો પેટમાં નાંખી બાળક ટાઝો મળ્યાનો સંતોષ માને છે અને મા બાળકની એ માંગણી અને જીદમાંથી છૂટકારો મેળવે છે. સરવાળે હિત સધાય છે માત્ર વેપારીનું. બાળકનાં આરોગ્ય પર આની અસર તો થાય જ, પણ છોકરાઓમાં ય આ ટાઝો ભેગાં કરવાની સ્પર્ધાઓ થાય છે અને પૈસાનો પાર વિનાનો વ્યવ થાય છે. મોંઘવારી કૂદકે ને ભૂસકે વધતી જતી હોય ત્યારે બાળકને ય પૈસાની કિંમત નાનપણથી જ સમજાવવી પડશે. બાળકનું ઘડતર એ તો એક સાધના છે. કેટકેટલી નાની નાની બાબતો પ્રત્યે સતત ધ્યાન રાખવું પડે છે ! 'બાળક માનતું નથી' કહી તેને માંગે એ બધું જ આપી દઈ છૂટકારાનો દમ ખેંચવાથી તો આપણે જાતે જ બાળકનું ભાવિ બગાડીએ છીએ.

કઈ વસ્તુ કેમ ન ખરીદાય એ નાનપણથી જ એને સમજાવવું પડશે. એનાં મગજમાં ઉતારવું પડશે. એ માટે આપણે ધીરજ કેળવવી પડશે, અને સમય પણ ફાળવવો પડશે.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

તા.૫-૧૨-૦૩ થી બાલવાડીમાં નવા બાળકોનું આગમન થયું છે. બાળકો હવે હોંશે હોંશે એકલા આવવા માંડયા છે, પ્રવૃત્તિઓમાં સ્થિર થતાં જાય છે અને બાલમંદિર હવે તેમને પોતાનું લાગતું જાય છે.

બાલવાડીમાં પહેલાના આવેલાં બાળકો ઈન્દ્રિય શિક્ષણ અને જીવન વ્યવહારનાં ઓરડામાં સાધનો વડે સરસ પ્રવૃત્તિમય બની જાય છે. દરેક પ્રવૃત્તિમાં તેમને ખૂબ રસ પડે છે. સંગીત પણ તેઓને ખૂબ ગમે છે.

### બાલમંદિર

દિવાળીની રજાઓની મોજ માણી બાળકો ફરી પાછા બાલમંદિરની અનેકવિધ પ્રવૃત્તિઓમાં એકાગ્ર થવા માંડયા છે. બાળકો બાલમંદિરના મુક્ત વાતાવરણમાં ખૂબ સરસ રીતે ખીલે છે. આ નવું સત્ર ખૂબ પ્રવૃત્તિમય રહેવાનું, સુલેખન, ચિત્ર, રમતગમત, વેશભૂષા સ્પર્ધા, વિવિધ કાર્યક્રમોમાં બાળકો તન્મય થઈ જવાના.

દિવાળીના પર્વ નિમિત્તે મહેમાનોનું સ્વાગત કેવી રીતે કરવું જોઈએ તેની સમજ બાળકોને આપવામાં આવી. આસોપાલવનાં તોરણો બંધાવી ઉંબરે કંકુના સાથિયા વિગેરે કરીને બાળકોને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

તાલીમનાં બાળકોને ચાર્ટ દ્વારા કપાસના છોડની માહિતી આપી. રૂ, પૂણી, સૂતરની આંટી બતાવી કપાસમાંથી કાપડ કેવી રીતે બને છે તે સમજાવ્યું ઉપરાંત સમાજનાં સેવકો જેવા કે ખેડૂત, પિંજારો, વણકર, દરજી વિશે વિસ્તૃત માહિતી આપી.

તા.૯-૧૨-૦૩ના દિવસે રમતગમતની હરીફાઈ યોજવામાં આવી હતી જેમાં દોડ, વિઘ્નદોડ, બટાટાવીણ અને સંગીતખુરશી વિગેરે રમતોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બાલમંદિર બ વિભાગ અને તાલીમના બાળકો પાસે વટાણા ફોલાવી, કોથમીર ચૂંટાવી વટાણા પૌંઆનો નાસ્તો બાળકોને સાથે રાખી બનાવ્યો અને એમાંથી બાળકોને મસાલાની પણ સારી સમજ આપી. બાળકોએ આ જાતે બનાવેલા વટાણા પૌંઆ ખૂબ હોંશથી ખાધા.

ક્રિસમસનો તહેવાર ઈસુખ્રિસ્તની વાર્તા સમજાવી, ક્રિસમસ ટ્રી બનાવી ઉજવ્યો બંને વિભાગનાં એક એક બાળકને સાંતાક્લોઝ બનાવ્યા, બાળકોને તેમણે ભેટ આપી. બાળકોનો ઉમંગ અદ્‌ભૂત હતો.

**<u>સુચના</u> :** બાળકને અધવચ્ચેથી ઘેર લઈ જવું પડે તેમ હોય તો ૨-૪૦ થી ૩-૧૦ના રીસેસનાં સમય દરમ્યાન જ લેવા આવવું, આ માટે ઓફિસમાં જ પહેલા મળવું. સીધા વર્ગમાં કયારે ય ન જવું. આ સમય સિવાય અધવચ્ચેથી બાળક ઘેર જઈ શકશે નહીં તેની નોંધ લેશો.

### શિશુમંદિર

**ગરબા :** તા.૧૮-૧૦-૦૩ને શનીવારનાં રોજ ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગરબાની વિવિધતા અને સુંદર રજૂઆત પ્રશંસાને પાત્ર હતી. આખાય કાર્યક્રમની સફળતા પાછળ નૃત્યવર્ગના ડૉ.શ્રી પ્રિતીબેન મહેતાએ ઉઠાવેલી ભારે જહેમત પ્રશંસાને પાત્ર હતી.

**નાટક :** તા.૧૩-૧૦-૦૩નાં રોજ ધોરણ ૭ ના વિદ્યાર્થીઓએ જીવરામ ભટ્ટનું નાટક રજૂ કર્યું.

**વિજ્ઞાનમેળો :** તા.૧૪-૧૦-૦૩નાં રોજ વિજ્ઞાનમેળો યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી તેમાં ભાગ લીધો. વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિનો સારો પરિચય આ મેળાથી થયો.

ચિત્ર સ્પર્ધા : બાલદિન નિમિત્તે તા.૧૫-૧૧-૦૩ને શનીવારનાં રોજ શિશુમંદિરનાં બાળકો માટે ચિત્રસ્પર્ધા યોજવામાં આવી જેમાં નીચેના બાળકોએ ઈનામ મેળવ્યાં તે માટે તેમને અભિનંદન.

| | | | |
|---|---|---|---|
| ધોરણ -૧ | પ્રથમ | અહાન ભટ્ટ | ૧ અ |
| | દ્વિતીય | હેલી દલાલ | ૧ અ |
| | | ભાષા શાહ | ૧ અ |
| | તૃતીય | આયુષી શાહ | ૧ અ |
| | | ઐશ્વર્યા વાઘેલા | ૧ બ |
| ધોરણ-૨ | પ્રથમ | વિરાજ શાહ | ૨ અ |
| | દ્વિતીય | વિદિત પુજારા | ૨ ક |
| | તૃતીય | ખુશી બ્રોકર | ૨ અ |
| | | પ્રિયાંશી ઠક્કર | ૨ ક |
| | | મંથન શાહ | ૨ બ |
| ધોરણ-૩ | પ્રથમ | કેવન કોઠારી | ૩ ક |
| | દ્વિતીય | ઋષ્વી શાહ | ૩ અ |
| | | ક્રિષ્ના શાહ | ૩ અ |
| | તૃતીય | માર્ગી જોષી | ૩ બ |
| | | ચાર્મી શાહ | ૩ બ |
| | | યશસ્વી પંડયા | ૩ અ |
| ધોરણ-૪ | પ્રથમ | આશ્કા પરીખ | ૪ ક |
| | દ્વિતીય | ઉત્સવી શાહ | ૪ અ |
| | | ભૂમિ શાહ | ૪ અ |
| | તૃતીય | યત્ન પટેલ | ૪ અ |
| | | જાનકી શેરદલાલ | ૪ ક |
| | | નીલ વૈદ્ય | ૪ અ |
| | | આદિત્ય શાહ | ૪ ક |
| ધોરણ-૫ | પ્રથમ | પૌરીન શાહ | ૫ બ |
| | દ્વિતીય | દિવ્યરાજસિંહ ઝાલા | ૫ ક |
| | | સિધ્ધાલી પ્રજાપતિ | ૫ અ |
| | તૃતીય | અભિષેક ભટ્ટ | ૫ ક |
| | | રાજવી શાહ | ૫ અ |
| ધોરણ-૬ | પ્રથમ | હેમલ તલાટી | ૬ ક |
| | દ્વિતીય | ધ્વનિ મહેતા | ૬ ક |
| | | નિરાલી શાહ | ૬ બ |
| | તૃતીય | અંશિની ભટ્ટ | ૬ ક |
| | | ઋતુ શાહ | ૬ અ |
| | | ઉદિતા શાહ | ૬ અ |
| | | જગ્નજા પટેલ | ૬ ક |
| ધોરણ-૭ | પ્રથમ | ઉર્જા શાહ | ૭ અ |
| | દ્વિતીય | દેશના શાહ | ૭ ક |
| | તૃતીય | રિચા પાઘડાર | ૭ અ |
| | | વિધિ શાહ | ૭ અ |
| | | પંક્તિ લાડ | ૭ બ |
| | | ભૂમિ શાહ | ૭ ક |

આંતરગૃહ સુગમ સંગીત સ્પર્ધા તા.૨૮-૧૧-૦૩

| | | |
|---|---|---|
| પ્રથમ | સ્તુતિ રાયબાગકર | ( મેઘનાદ ) |
| દ્વિતીય | અચ્યુત પંચાલ | ( રત્નદીપ ) |
| તૃતીય | ભાગ્યશ્રી દેસાઈ | ( રત્નદીપ ) |
| | મિરાજ શાહ | ( ધવલગિરિ ) |
| આશ્વાસન ઈનામ | પલક જોશી | ( રત્નદીપ ) |

નિર્ણાયક તરીકે શ્રી પન્નાબેન ઠાકોરે સેવા આપી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.

**વિનયમંદિર**

તા.૨૧-૧૧-૦૩નાં રોજ સુગમ સંગીત સ્પર્ધા યોજવામાં આવી જેમાં નીચેનાં વિદ્યાર્થીઓ વિજેતા નીવડયાં હતાં.

| | | |
|---|---|---|
| પ્રથમ | પ્રાર્થિત મહેતા | પદ્મપુકુર |
| દ્વિતીય | સહજ પરીખ | મેઘદૂત |
| | વૃષાંકી દોશી | મેઘદૂત |
| તૃતીય | પક્ષ્મન દવે | પદ્મપુકુર |
| | વૈદેહી શાહ | ચંદ્રમૌલિ |
| | જયાયસી દેસાઈ | ગીતગોવિંદ |

નિર્ણાયક તરીકે શ્રી શરદભાઈ પંડિતે સેવા આપી તે માટે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**રમતોત્સવ :** બાલદિનની ઉજવણી નિમિત્તે તા.૧૪-૧૧-૦૩ અને ૧૫-૧૧-૦૩નાં રોજ ધોરણ -૮,૯ માટે અને તા.૧૬-૧૧-૦૩નાં રોજ ધો.૧૧ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સાંઘિક અને વ્યક્તિગત રમતોની સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**મોક વિધાનસભા :** ધોરણ-૯ના વિદ્યાર્થી ભાઈબહેનોએ 'સ્ત્રીઓનું સમાજમાં સ્થાન' વિષય પર વિધાનસભામાં થતી ચર્ચાનાં સ્વરૂપનો ખ્યાલ આપતો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો.

નિબંધ સ્પર્ધા : તા.૨૧-૧૧-૦૩નાં રોજ 'ભૂમિ સંસાધનોનું રક્ષણ' અને 'પાણીનાં સ્ત્રોત અને તેનું રક્ષણ અને જાળવણી' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી. જેમાં પ્રથમ સ્તુતિ શાહ ( ધો.૧૧) અને દ્વિતીય રાજસી કોટ આવ્યા.

**સ્વ.શ્રી રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા**

શ્રી રમણભાઈ દવેની સંગીત સાધના અને સંસ્થાને આપેલી આજીવન સેવાને અનુલક્ષીને સંસ્થામાં આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન પ્રતિ વર્ષ કરવામાં આવે છે. તા.૫-૧૨-૦૩ને શુક્રવારનાં રોજ ઉપરોક્ત સ્પર્ધા પ્રાર્થનાખંડમાં યોજવામાં આવી. જેમાં વિવિધ શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સ્પર્ધાનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું.

**પ્રથમ વિભાગ** ધો.૫ થી ૭ ના ભાઈબહેનો માટે

| | | |
|---|---|---|
| પ્રથમ | ભીષ્મ પટેલ | સી.એન.કિશોરવિદ્યાલય |
| દ્વિતીય | પલક જોષી | શારદામંદિર શિશુમંદિર |
| તૃતીય | કલગી બક્ષી | લીટલફ્લાવર પ્રાયમરી સ્કુલ |

**દ્વિતીય વિભાગ** ધો.૮ થી ૧૨ નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે

| | | |
|---|---|---|
| પ્રથમ | પક્ષ્મન દવે | શારદામંદિર વિનયમંદિર |
| દ્વિતીય | પ્રહર વોરા | સી.એન.વિદ્યાલય |
| તૃતીય | પ્રીતી બોકીલ | શ્રી દામુભાઈ શુકલ મા.શાળા |

નિર્ણાયક તરીકે ડૉ. મુદ્રિકાબેન જાની, શ્રી અમીબેન ફોજદાર તથા શ્રી દિપાલીબેન શાહે સેવા આપી. સંસ્થા તરફથી તેમના તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ ગણનાપાત્ર સિધ્ધિ મેળવી છે. સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| યંગ એન્વોયઝ | પૌરિન શાહ | ડીપ્લોમા ઓફ |
| ઈન્ટરનેશનલ | પ્રાર્થના ચાલીસહજાર | ડીસ્ટીંકશન |
| હૈદ્રાબાદ | દ્રષ્ટિ ઠક્કર | |
| | હિતાંશુ જોષી | નહેરુ કલ્ચરલ એવોર્ડ |
| | રિષિલ ત્રિવેદી | નહેરુ કલ્ચરલ એવોર્ડ |
| | શિવાંગી શાહ | જ્યુરી ઓનર |
| | શિમોલી મહેતા | જ્યુરી ઓનર |
| | યશસ્વી પંડયા | જ્યુરી ઓનર |
| | **ચેસ** | |
| ગુજરાત સ્ટેટ ચેસ | પરીશા દલાલ | તૃતીય |
| એસોસીએશન | સંવીત શાહ | ચતુર્થ |
| | સ્વપ્નીલ શાહ | પ્રથમ |
| | મીશા શાહ | ચતુર્થ |
| | સ્વપ્નીલ શાહ | ઉત્તમ ખેલાડી ઉદય જોગલેકર રનીંગ ટ્રોફી |
| અમદાવાદ ચેસ એકેડમી | સંવીત શાહ | સાતમું સ્થાન |
| | **કરાટે** | |
| ગુજરાત સ્ટેટ એમેચ્યોર ટેકવેન્ડો એસોસીએશન | પૌરીન શાહ | રેડ બેલ્ટ |
| | **તરણકલા** | |
| શ્રેયસ અંગસૌષ્ઠવ કેન્દ્ર | દ્રષ્ટિ ઠક્કર ( ફ્રી સ્ટાઈલ ) | તૃતીય |
| | નિશાંત રાવલ | |
| | ( બ્રેસ્ટ સ્ટ્રોક ) | તૃતીય |
| | (બેક સ્ટ્રોક ) | પ્રથમ |
| | ( ફ્રી સ્ટાઈલ ) | પ્રથમ |
| | **સામાન્ય જ્ઞાન** | |
| બૈજનાથ શંખપુષ્પી સ્કોલરશીપ એવોર્ડ | વિશાલ શાહ | પ્રથમ |
| | **નિબંધ** | |
| એકસેલર્સ ફાઉન્ડેશન | ભૂમિ ત્રિવેદી | આશ્વાસન ઈનામ |
| | ચિનાર શાહ | |
| | નેહા દેસાઈ | આશ્વાસન ઈનામ |
| | **વકતૃત્વ** | |
| ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ | ચિનાર શાહ | પ્રથમ પારિતોષિક જીલ્લા કક્ષા રાજ્ય કક્ષા દ્વિતીય |
| અમદાવાદ ડિસ્ટ્રીકટ રોલર સ્કેટીંગ એસોસીએશન | **સ્કેટીંગ** કુંજ ત્રિપાઠી | રૌપ્ય ચંદ્રક તથા કાંસ્ય ચંદ્રક |

## વિચાર ગોષ્ટિ

નુતન બાલ શિક્ષણ સંઘ અને શારદામંદિરનાં સંયુક્ત ઉપક્રમે તા.૨૦-૧૨-૦૩ને શનીવારનાં રોજ સાંજે ૪-૦ થી ૬-૦ દરમ્યાન નવા શારદામંદિરમાં શિક્ષકો અને માતાપિતા માટે એક વિચાર ગોષ્ટિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ચર્ચાનો વિષય હતો 'બાળકોના ઉછેરમાં માતાપિતાને મૂંઝવતા પ્રશ્નો - તેનાં શક્ય ઉકેલ' કાર્યક્રમનો પ્રારંભ મા સરસ્વતીની પ્રાર્થનાથી કરવામાં આવ્યો. મુ.શ્રી દિનુભાઈએ સૌનું સ્વાગત કર્યું અને આજે બાળકોના ઉછેરનાં અનેક પ્રશ્નો આપણા સૌ સામે સમસ્યા બનીને ઉભા રહયાં છે ત્યારે આવી ગોષ્ટિ અનિવાર્ય છે, એ કહેતાં તેને અંગેનાં સારા સૂચનો પણ આપ્યાં. શ્રી ઊર્મિબેને જુદી જુદી સમસ્યોઓ વિષે વિસ્તૃત માહિતી આપ્યા બાદ વાલીઓને મૂંઝવતા પ્રશ્નોની એક પછી એક ઉકેલ અને છણાવટ , હાજર રહેલા શ્રી એસ.કે.શાહ, શ્રી કમલભાઈ મંગલ, સજુભા, કલ્યાણીબેન દવે, રેખાબેન શેઠ, આશાબેન રાવળ, જ્યોત્સનાબેન શોધન વગેરેએ સૂચવ્યા. બાળકની જીદ, ભણવા તરફનો અણગમો, વસ્તુઓની માલિકીની વૃત્તિ, તોફાન અને અજંપો, ખાવા માટેના પ્રશ્નો વિગેરે ઘણા પ્રશ્નોની ચર્ચા ખૂબ રસપ્રદ રહી. હાજર રહેલા સૌએ ચર્ચાને અંતે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે આવી ગોષ્ટિ વારંવાર યોજાય તે ઈચ્છનીય છે આ પ્રસંગે વાલીઓને માર્ગદર્શન મળે તેવા પુસ્તકો પણ ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, શ્રેયસ ફાઉન્ડેશન અને શ્રી મંજરીબેન મેઘાણી તરફથી પ્રદર્શીત કરવામાં આવ્યાં.

* * * * * * * * * * * *

### બાળકનું શિક્ષણ

જે બાળકોનું નાની ઉંમરે શિક્ષણ શરૂ થાય છે તેઓ પાછળથી ઝળકી શકતાં નથી. ૪ વર્ષની ઉંમરે જે બાળકોએ શિક્ષણ લેવાનું શરૂ કર્યું હતું એવાં બાળકો, ૬ વર્ષની ઉંમરે ભણવાનું શરૂ કર્યું હતું એવાં બાળકોથી મોટી ઉંમરે પાછળ પડી ગયેલાં માલૂમ પડયાં હતાં...શીખવા માટે જરૂરી એવી જોવાની અને સાંભળવાની શક્તિ ૫ વર્ષના બાળકમાં સંપૂર્ણ વિકસેલી નથી હોતી. એક તપાસમાં માલૂમ પડયું છે કે સાત વર્ષથી નીચેનાં બાળકોનાં ૯૦ ટકા બાળકોને 'ટ' અને 'ડ' તથા 'ઢ' અને 'ઠ' વચ્ચેનો તફાવત સમજવામાં મુશ્કેલી પડે છે.

**- ડૉ.માર્ગારેટ ઘોટે**

બાળકોને કદી અક્ષર લખતાં શીખવવા નહીં, પહેલાં ચિત્રકળા શીખવવી, રેખા, વર્તુળ, જાતજાતના આકાર, આકૃતિ વગેરે ચીતરતાં શીખવવું. તેની સાથે સહેલાં સહેલાં ગીતો, કવિતા, અભંગ, સંસ્કૃતના શ્લોકો વગેરે શીખવવાં. અલબત્ત, આ બધું રમતાં...રમતાં, તેમાં 'ધર્મચર', 'માતૃદેવો ભવ' 'પિતૃદેવો ભવ' આવાં સંસ્કૃત વચનો તો એમને રમતાં રમતાં યાદ રહી જાય. આમ થોડી ચિત્રકળા અને થોડું યાદ રાખવાનું થઈ જાય પછી એ યાદ કરેલાં વચનો જે ચોપડીમાં હોય તે એમની સામે ધરો. પછી એમને જે યાદ છે, તેની તે સામે જુએ તેથી અક્ષરો તેમની આંખોમાં ઠસશે.

**- વિનોબા**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : shardamandir1924@rediffmail.com